# શ્રમ અદાલત નં.૧ વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે.ઠાકર સમક્ષ.

**રેફરન્સ(એલ.સી.વી) નં.૩૫૮/૨૦૧૮**
**આંક:-૫**

**પ્રથમ પક્ષકાર:-** (૧) **જી.એસ.એફ.સી.**
છાણી રોડ, વડોદરા.

(૨) **ગ્રીન ટેક ગાર્ડન**
દેવી લોરેસ સ્મૃતિ,
૯૬/ડી, વોલકેસનગર નજીક, ચાર રસ્તા,
ઈન્દ્ર રોડ, જામનગર

(૩) **જશુભાઈ કે. રોહીત**
સી/ઓ. સંસ્થા

(૪) **કોન્ટ્રાકટરશ્રી,**
નિલકંઠ એન્ટરપ્રાઈઝ
સી/ઓ. સંસ્થા
(આંક-૪ ના સુધારાથી પ્રથમ પક્ષકાર નં.૩ અને ૪ને
જોડેલ છે.)

**-:: વિ રુ ધ્ધ ::-**

**બીજા પક્ષકાર:-** **શ્રમયોગી શ્રી નિલેષભાઈ અરવિંદભાઈ વસાવા**
૮/૦. ભારતીય કર્મચારી સંઘ, શાસ્ત્રીપોળ,
કોઠી ચાર રસ્તા, વડોદરા.

હાજર રહયા:- પ્રથમ પક્ષકાર નં. ૧ તરફે : વિ.યુ.પ્રશ્રી પિયુષ દણાંક
પ્રથમ પક્ષકાર નં.૨ થી ૪ તરફે : કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે : ગેરહાજર.

## -:: એ વો ર્ડ ::-

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીના તા.૧૮/૦૮/૨૦૧૮ ના હુકમ નંબર-કે.એચ./એસ. એચ./એમ.સી./વ/એ.જે./૧૮૪૫૫ થી શ્રી નિલેષભાઈ અરવિંદભાઈ વસાવાને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેનો ન્યાયનિર્ણય કરવા માટે અત્રેની અદાલતને રીફર કરવામાં આવેલ છે.

**(૨)** રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે આવ્યા બાદ નોટીસ બજતા, બીજા પક્ષકાર

તરફે કોઈ હાજર થઈ માંગણાનું નીવેદન રજુ રાખેલ નથી.

(૩) સદર કામે પ્રથમ પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરતા, પ્રથમ પક્ષકાર નં.૧ તરફે વિ.યુ.પ્રશ્રી હાજર રહેલ છે.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.ર થી ૪ તરફે કોઈ હાજર રહી જવાબ રજુ કરેલ ન હોય, પ્રથમ પક્ષકાર નં.ર થી ૪નો જવાબ રજુ કરવાનો હકકબંધ કરવામાં આવે છે.

(૪) ત્યારબાદ પક્ષકારો તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(પ) ત્યારબાદ પક્ષકારો તરફે કોઈ હાજર ન રહેતા પક્ષકારોની દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા પરથી હાલના રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે ?

મુદદા નં.૧. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરી દીધેલ છે?

મુદદા નં.ર. શું બીજા પક્ષકાર પડેલા દિવસોના પગાર સહિત નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે ?

મુદદા નં.૩. આખરી શું હુકમ ?

(૭) ઉપરોકત મુદદાના અત્રેની અદાલતના નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદદા નં.૧. નકારમાં

મુદદા નં.ર. નકારમાં

મુદદા નં.૩. આખરી હુકમ મુજબ.

## -:: કા ર ણો ::-

(૮) **<u>મુદદા નં.૧ અને ર :-</u>**

આમ, ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતાં બીજા પક્ષકારે કોઈ માંગણાનું નીવેદન રજુ કરેલ નથી કે તેના સમર્થનમાં કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. જેથી સામાવાળાએ પણ હાલના કામે કોઈ લેખિત જવાબ કે પુરાવો રજુ કરેલ નથી. આમ, નિયમ મુજબની કાર્યવાહી કરી તમામ સ્ટેજો બંધ કરી આ કામ હુકમ પર લીધેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતાં બીજા પક્ષકાર તેમના કેસની હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ અને રનો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

૧) બીજા પક્ષકારનો રેફરન્સ(એલ.સી.વી.) નં.૩૫૮/૨૦૧૮ નામંજુર કરવામાં આવે છે.

૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**(ધીરેન જગદીશભાઈ ઠાકર)**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત (નં.૧), વડોદરા.**
**કોડ નં. જી.જે.૦૦૭૪૮**

**તારીખ : ૨૯/૦૯/૨૦૨૩.**
**સ્થળ : વડોદરા.**
જે.એમ.ગાંધી